<u>આદિવાસી ખેડૂતોને સિંચાઇ માટે વિશિષ્ટ સગવડ</u>

ગુજરાત સરકાર
નર્મદા અને જળસંપત્તિ વિભાગ,
ઠરાવક્રમાંક:ડબલ્યુટીઆર-૧૦૯૫/૨૦-પી
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦-૮-૯૬.

<u>આમુખ :-</u>

મુખ્ય મંત્રીશ્રી સાથે આદિવજાસીઓના પ્રશ્નોઅંગે તા.૧૬-૭-૯૬ ના રોજમળેલ બેઠકમાં જંગલ વિસ્તારમાં જે સિંચાઇ બંધો બાંધવામાં આવે છે તેના જળાશયમાં ઉપલબ્ધ કુલ જળરાશીના ઉપલબ્ધ કુલ જળાશયોના ૧૫ ટકા જળરાશી આદિવાસીઓ માટે અનામત રાખવા અને આ પાણી આદિવાસીઓને તેમના ખેતર સુધી મફતથ પહોંચાડવાની માગણી અંગે ચર્ચા કરવામાં આવી હતી. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આયદિવાસી ખેડૂતોને અગ્રતાના ધોરણે નહેર મારફતે મફત પાણી આપવા માટે યોગ્ય અભિગમ વિચારવા અને મુખ્ય સસચિવશ્રીની અધ્યક્ષતામાં બેઠક યોજી યોગ્ય નિર્ણય લેવા જણાવેલ.તદ્અનુસાર તા.૩-૬-૯૬ ના રોજ મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતાએ સબંધિત વિભાગોના સચિવશ્રીઓની એક બેઠક યોજવામાં આવી હતી અને તેમાં આદિવાસીઓને માટે જળાશય/નદી/નાળામાંથી મફત પાણી આપવા માટે વિચારણા કરવામાં આવી હતી. પુર્ણ વિચારણાને અંતે નીચે પ્રમાણે કાર્યવાહી કરવા ઠરાવવામાં આવે છે.

<u>ઠ રા વ :</u>

(૧) જળાશયો/નદી/નાળામાંથી આદિવાસીઓને સિંચાઇ માટે જે પાણી પુરુ પાડવામાં આવે છે તે મફત આપવુ અને તેનો કોઇપણ જાતનો ચાર્જ લેવો નહી.

પરંતુ જળસંપત્તિ વિભાગ ધ્વારા તૈયાર કરાયેલ/કરાનાર અને જેની જાળવણી અને મરામત વિભીગ ધ્વારા કરવામાં આવે છે/કરાનાર છે. તેવી સિંચાઇ યોજનાની નહેરો ધ્વારા આદિવાસી ખેડુતોને અપાતા/અપાનાર પાણી માટે લાગુ પડતો નથી. એટલે કે યોજના સરકારી ખર્ચે તૈયાર કરાઇ છે/કરાનાર છે અને જેની મરામત અને જાળવણી સરકાર(જ.સં.વિ) કરે છે/કરાનાર છે, તેવી તમામ સિંચાઇ યોજનાઓમાંથી આદિવાસીઓએ કે અન્ય ઇસમોને અપાતા/અપાનાર પાણીનો ચાર્જ આકારવાનો રહે છે.

(૨) જળાશયો/નદી/નાળામાંથી આદિવાસીઓ તરફથી સિંચાઇ મંડળી બનાવી ચેકડેમ અથવા તો ઉદ્વહન સિંચાઇ યોજનાઓની માગણી આવે ત્યારે તેવી યોજનાઓની મરામત, જાળવણી અને સંચાલનની જવાબદારી તેના ખર્ચે ઉઠાવવા તૈયાર હોય તો, આવી ઉદ્વહન સિંચાઇ યોજનાઓ સરકારના ખર્ચે બનાવી આપવી.

(૩) નર્મદા અને જળસંપત્તિ વિભાગના તા.૨૦-૨-૯૫ ના ઠરાવથી નોટીફાઇડ નદીઓમાંથી ઉદ્વહન સિંચાઇ માટે મોટી-મધ્યમ કદની સિંચાઇ યોજનાઓના નિયત કમાન્ડના ૫ ટકા સુધી મંજુરી આપવા જે મર્યાદા નક્કી કરવામાંઆવી છે તે આીદવાસી ખેડૂતોની માગણીના કેસોમાં રદ ગણવી અને આદિવાસીઓની મંડળીઓની જરુરીયાત અને માગણી ધ્યાને લઇ આવી મંડળીઓ મરામત જાળવણી અને સંચાલનનો તમામ ખર્ચ ઉઠાવવા તૈયાર હોય તો ખર્ચની મર્યાદા વગર ઉદવહન સિંચાઇ યોજનાઓ સરકારી ખર્ચે તૈયાર કરી આપવી અને સિંચાઇ માટે મફત પાણી આપવું.

* આ ઠરાવ મુદ્દા નં.(૧) તેમજ મુદ્ નં.(૨) અને (૩) અન્વયે તૈયાર થનાર ઉદ્વહન સિંચાઇ યોજના ધ્વારા લેવામાં આવનાર પાણીમાટે જ લાગુ પડે છે.

આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૯-૭-૯૬ ના રોજમળેલ સંમતિને આધારે કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( આર.એમ.પટેલ )
ખાસ ફરજપરના અધિકારી(સિં.વિ)
નર્મદા અને જળસંપત્તિ વિભાગ.

---

* મુળ પરિપત્રમાં તા.૨૯-૩-૯૭ ના સરખાક્રમાંકના પરિપત્રથી ઉપરોકત સુધારા કરવામાં આવ્યા છે.



વાપ-૫૦૫-૧૦